| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૨.૦° સે. | ૨૩.૦° સે. |
| આહવા | ૩૪.૦° સે. | ૧૯.૦° સે. |
| વલસાડ | ૩૧.૦° સે. | ૨૩.૦° સે. |
| વાપી | ૩૧.૦° સે. | ૨૩.૦° સે. |

# 'પુલ નહીં, તો મત નહીં' ના નારા સાથે ગ્રામજનોનો હુંકાર

**ડાંગના** કોટમદર ગામમાં વર્ષોથી પડતર પ્રશ્નો અને વિકાસના અભાવે ગ્રામજનોની ચૂંટણી બહિષ્કારની ચામકી



ગિરીશ ભોયે

### શું ગ્રામજનોની માંગ સંતોષાશે

એક તરફ સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના દાવા કરે છે, ત્યારે કોટમદરની સ્થિતિ આ દાવાઓ સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કરે છે. ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જ્યાં સુધી નાળા પર ઊંચો પુલ મંજૂર નહીં થાય, ત્યાં સુધી કોઈ પણ વ્યક્તિ મતદાન કરવા જશે નહીં. હવે જોવાનું એ રહે છે કે વહીવટી તંત્ર આ આક્રોશ પારખીને કોઈ નક્કર પગલાં ભરે છે કે પછી કોટમદરના ગ્રામજનો લોકશાહીના આ પર્વથી અલિપ્ત રહેશે.

સાપુતારા : રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો માહોલ જામ્યો છે, ત્યારે ડાંગ જિલ્લાના આહવા તાલુકાના અંતરિયાળ કોટમદર ગામમાંથી ચોંકાવનારા અહેવાલ પ્રાપ્ત થયા છે. ગામમાં પાયાની સુવિધાઓના અભાવે ગ્રામજનોએ એકસૂરે આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાનો મક્કમ નિર્ણય લીધો છે. વર્ષોથી પડતર પ્રશ્નોના નિરાકરણના અભાવે ગ્રામજનોએ "વિકાસ નહીં તો વોટ નહીં"ની નીતિ અપનાવી છે.

ચોમાસા દરમિયાન વિદ્યાર્થીઓ શાળાએ જઈ શકતા નથી અને ગંભીર બીમારીના સમયે દર્દીઓને

કમલાબેન માહલાએ પણ ઉમેર્યું હતું કે, દર વખતે ચૂંટણી સમયે માત્ર પોલા વચનો જ મળે છે.

# કંપનીમાં ટેન્કરમાં વેલ્ડીંગ વખતે ધડાકો થતા કર્મચારીનું મોત

**આલીપોરની** કંપનીના કર્મચારીનું મોત નિપજતા પરિવારજનોએ હોબાળો કરી લાશ લેવાનો ઈન્કાર કરતા વાતાવરણ તંગ બની ગયુ

**પરિવારે** એકનો એક દીકરા એવો આધાર સ્તંભ ગુમાવતા શોકની લાગણી ફેલાઇ

ઘેજ : ચીખલી વાંસદા માર્ગ ઉપર આલીપોરમાં આવેલી વીન્ડ્સન કેમિકલમાં ટેન્કરમાં વેલ્ડીંગ વખતે ધડાકો થતા ૧૩ વર્ષથી વેલ્ડીંગનું કામ કરતા કલમઠા ગામના ૪૮-વર્ષીય ગંભીર ઈજાગ્રસ્ત કર્મચારીનું મોત નિપજતા પરિવારજનોએ હોબાળો કરી લાશ લેવાનો ઈન્કાર કરતા એક સમયે વાતાવરણ તંગ બની જવા પામ્યું હતું. કંપનીમાં પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો હતો. પરિવારમાં એકનો એક દીકરો



ધર્મેશ પટેલ

### કંપનીમાં સલામતીની વ્યવસ્થા કે સેફ્ટીનો અભાવ

કંપનીમાં કોઈ પણ જાતની સલામતીની વ્યવસ્થા કે સેફ્ટીનો અભાવ સહિત કંપનીની બેદરકારીને પગલે નિર્દોષનો જીવ ગયો હોવાના આક્ષેપો કરી રોષ ઠાલવ્યો હતો. રાજેશભાઈની માતા અને બે બહેનો હોય તેઓનો એકમાત્ર આધાર સ્તંભ હતો. જે ગુમાવતા પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી. ટેન્કરમાંથી કેમિકલ ખાલી કર્યા બાદ પૂરતી સફાઈ કર્યા વિના અને આ ટેન્કરમાં તાપમાન ઓક્સિજન લેવલ સહિતની તપાસ કર્યા વિના જ ટેન્કરમાં વેલ્ડીંગનું કામ શરૂ થતા કેમિકલથી વેલ્ડીંગ સમયે સ્પાર્ક થયા બાદ બ્લાસ્ટ થયો હોવાનું કહેવાય છે.

એવો આધાર સ્તંભ ગુમાવતા શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર વાંસદા રોડ પર અલીપોર ગામની વીન્ડ્સન કેમિકલ કંપનીમાં વેલ્ડીંગનું કામ કરતા રાજેશભાઈ ભાણાભાઇ પટેલ (ઉ.વ-૪૮ રહે. કલમઠા, ગણદેવી)સોમવારે બપોરે કેમ્પસમાં જીજે-૧૭-વાય-૨૧૨૨ નંબરના ટેન્કરમાં વેલ્ડીંગ માટે મશીન હોલ્ડર ચાલુ કરતા તેમાં સ્પાર્ક થતા જ ટેન્કરની અંદર બ્લાસ્ટ થયો હતો. જેને પગલે તે ફંગોળાઈને નીચે પડતા ગંભીર ઈજા થતાં સારવાર અર્થે ચીખલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા જ્યાં તેમનું મોત નિપજ્યું હતું.

બનાવ અંગેની જાણ થતાં પરિવારજનો અને સ્થાનિકો હોસ્પિટલ અને કંપનીમાં ધસી આવી હોબાળો મચાવી કંપનીમાં જવાબદાર વ્યક્તિ ન આવે ત્યાં સુધી લાશ ન લેવાનો ઈન્કાર કરતા વાતાવરણ તંગ થયુ હતુ. જેને પગલે પોલીસ કાફલો પણ ધસી આવ્યો હતો. બાદમાં પોલીસની દરમ્યાનગીરીથી મામલો થાળે પડ્યો હતો. બનાવ અંગેની ફરિયાદ જીગ્નેશ પટેલ (રહે.કલમઠા ગામસરા ફળીયા) એ કરતા વધુ તપાસ પીએસઆઇ-એફ.એચ.પટેલે હાથ ધરી હતી.

## ડાંગ જિલ્લાની મોટરીંગ પબ્લિકને પસંદગીના નંબરો મેળવવાની તક

સાપુતારા : ડાંગમાં પસંદગીના નંબરની ફાળવણી અર્થે ઓનલાઇન RE-AUCTION શરૂ કરવામાં આવેલું છે. જે અંતર્ગત મોટર સાયકલ, ટ્રાન્સપોર્ટ વાહનો તથા મોટરકારના નંબર માટે GJ30E, GJ30F, GJ30C, GJ30T, GJ30P તથા GJ30A સીરીઝમા ગોલ્ડન/સિલ્વર નંબર માટે RE-AUCTION શરૂ કરવામાં આવેલા છે. ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમના વાહનોનુ રજિસ્ટ્રેશન કરાવી, ઓનલાઇન http/fancy.parivahan.gov.in પર રજિસ્ટ્રેશન કરી REAUCTION મા ભાગ લઈ શકે છે. આ માટે (૧) તા. ૧૩/૦૪/૨૦૨૬ થી ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ RE-AUCTION માટેનુ ફોર્મ રજિસ્ટ્રેશન કરાવવા અને એપ્લિકેશન કરવાની રહેશે. (૨) તા. ૧૫/૦૪/૨૦૨૬ થી ૧૭/૦૪/૨૦૨૬ના રોજ AUCTION માટેનુ BIDDING OPEN થશે. (૩) હરાજીનું પરિણામ તારીખ ૧૭/૦૪/૨૦૨૬ પછી કરવામાં આવશે. હરાજી માટેની શરતોમાં વાહન માલિકે સૌ પ્રથમ http/fancy.parivahan.gov.in વેબસાઈટ પર જઈને રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવાનું રહેશે.

# પીપલખેડમાં રાજકીય પક્ષોના પોસ્ટરો હજુ હટાવાયા નથી

**વાંસદાના** પીપલખેડ ગામમાં ચૂંટણી આચાર સંહિતાનું સરેઆમ ઉલ્લંઘન થતા સ્થાનિકોમાં ચર્ચા




નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદા તાલુકાના પીપલખેડ ગામમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને લાગુ કરવામાં આવેલી આચાર સંહિતાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થતું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ગામના મુખ્ય માર્ગો, જાહેર સ્થળો તેમજ સરકારી મિલ્કતોની આસપાસ રાજકીય પક્ષોના પોસ્ટરો યથાવત જોવા મળતા ચૂંટણી તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

ચૂંટણીની આચાર સંહિતા લાગુ થયા બાદ જાહેર સ્થળોએ લગાવવામાં આવેલા રાજકીય પોસ્ટરો, બેનરો અને પ્રચાર સામગ્રી તાત્કાલિક દૂર કરવાની જોગવાઈ હોવા છતાં પીપલખેડ ગામમાં હજુ સુધી પોસ્ટરો નહીં હટાવાતા નિયમોના ભંગની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને ગામના બસ સ્ટેન્ડ વિસ્તાર અને ચોરાહા અને કેટલાક શૈક્ષણિક સંસ્થાઓની દિવાલો પાસે રાજકીય પ્રચાર સામગ્રી નજરે પડતા સ્થાનિક નાગરિકોમાં અસંતોષ ફેલાયો છે. ગામલોકોનું કહેવું છે કે ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શક રહે તે માટે આચાર સંહિતાનો કડક અમલ જરૂરી છે, પરંતુ સંબંધિત તંત્ર દ્વારા સમયસર કાર્યવાહી ન થતા નિયમો માત્ર કાગળ પર જ મર્યાદિત રહ્યા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. કેટલાક સ્થાનિક આગેવાનોનું માનવું છે કે એક તરફ ચૂંટણી પંચ દ્વારા આચાર સંહિતાના પાલન અંગે કડક સૂચનાઓ આપવામાં આવે છે, ત્યારે બીજી તરફ જાહેર સ્થળોએ યથાવત રાજકીય પોસ્ટરો જોવા મળવું તંત્રની બેદરકારી દર્શાવે છે. આ મામલે સ્થાનિકોમાં માંગ ઉઠી છે કે જવાબદાર અધિકારીઓએ તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરી તમામ પોસ્ટરો અને બેનરો દૂર કરાવી નિયમોના ભંગ બદલ જવાબદારો સામે કાર્યવાહી કરવી જોઈએ. આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખી પીપલખેડ ગામમાં આ મુદ્દો રાજકીય તેમજ સામાજિક સ્તરે ચર્ચાનો વિષય બન્યો છે.



# વલસાડ જિલ્લાની ચૂંટણીને પગલે નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ

**અધિક** જિલ્લા કલેક્ટર એમ.ડી.ચુડાસમાએ ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યું

વલસાડ : આગામી તા. ૨૬ એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજની મહાનગરપાલિકા/ નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે આ ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય અને વિષયવાર કામગીરીઓનું સરળ સંચાલન અને નિરીક્ષણ થાય તે હેતુસર ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સુપેરે પાર પડે તે માટે અધિક જિલ્લા કલેકટર એમ.ડી. ચુડાસમાના અધ્યક્ષ સ્થાને ચૂંટણી સાથે સંકળાયેલા નોડલ અધિકારીઓની બેઠક કલેકટર કચેરી ખાતે મળી હતી.

આ બેઠકમાં મતદાર યાદી/ માર્ક કોપી, ઈ.વી.એમ., ચૂંટણીલક્ષી તાલીમ, આદર્શ આચાર સંહિતા, કાયદો અને વ્યવસ્થા, બેલેટ પેપર/ પોસ્ટલ બેલેટ, ચૂંટણી ખર્ચ પર દેખરેખ, મતદાન જાગૃતિની કામગીરી, મતદાન સામગ્રી, વાહન વ્યવસ્થા અને પોલીંગ સ્ટાફ તેમજ મેનપાવર અંગે અધિક જિલ્લા કલેક્ટર ચુડાસમાએ સંબંધિત કામગીરીના નોડલ અધિકારીઓ સાથે ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં આદર્શ આચારસંહિતાના નોડલ-વ- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.કલસરીયા, ઈ.વી.એમ. નોડલ-વ- નાયબ બાગાયત નિયામક એન.એન.પટેલ, ચૂંટણીલક્ષી તાલીમના નોડલ અને જિલ્લા રોજગાર અધિકારી પારૂલ પટેલ, કાયદો અને વ્યવસ્થાના નોડલ - વ- નાયબ પોલીસ અધિક્ષક (એચક્યુ) ભાર્ગવ પંડયા, ચૂંટણી ખર્ચ દેખરેખના નોડલ - વ- જિલ્લા તિજોરી અધિકારી એ.સી.ધોરાજીયા, મતદાન જાગૃતિ કામગીરીના નોડલ -વ- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી.બી.વસાવા, મતદાન સામગ્રીના નોડલ-વ- જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના નાયબ કમિશનર અને જનરલ મેનેજર વાય.ટી.પાવાગઢી અને કોમ્પ્યુટર રાઈઝેશન તથા ઈ-ડેશબોર્ડના નોડલ -વ- ડિસ્ટ્રીકટ ઈન્ફોરમેટીક ઓફિસર લતાબેન પટેલ સહિત વિવિધ વિભાગના નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### નવસારીના વોર્ડ નંબર 4માં રસીદ મુલ્લાની વાડી નજીક મનપાની બેદરકારી

# 'ખોદો અને છોડો' રસ્તા વચ્ચે ખાડો જનજીવન માટે જોખમી!

**પાણીની** લાઈનમાં ખામી સર્જાતા ખોદકામ કરાયુ પણ કામ અધવચ્ચે જ છોડી દેવાયું

**સુરક્ષા** બેરિકેડ, ચેતવણી બોર્ડ કે લાઇટની વ્યવસ્થા નહીં કરાતા બેદરકારીને વધુ સ્પષ્ટ કરે છે



નવસારી : નવસારીના વોર્ડ નંબર 4માં રસીદ મુલ્લાની વાડી નજીક મુખ્ય માર્ગ પર મહાનગરપાલિકાની બેદરકારી હવે ખુલ્લેઆમ લોકોના જીવ સાથે ખેલ કરતી દેખાઈ રહી છે. પાણીની લાઈનમાં ખામી સર્જાતા તંત્ર દ્વારા ઉતાવળમાં ખોદકામ તો કરવામાં આવ્યું, પરંતુ ત્યારબાદ કામ અધવચ્ચે જ છોડી દેતા માર્ગ પર વિશાળ ખાડો ખૂલ્યો રહી ગયો છે, જે હવે 'મોતનો ટ્રેપ' સાબિત થઈ રહ્યો છે.

મુખ્ય માર્ગ પર આવેલો આ ખાડો દિવસ-રાત વાહનચાલકો અને રાહદારીઓ માટે ગંભીર જોખમ ઉભું કરી રહ્યો છે. ખાસ કરીને વિસ્તારના નાના બાળકો માટે આ પરિસ્થિતિ અત્યંત ભયજનક બની છે, કારણકે તેઓ રમતાં રમતાં ક્યારે આ ખાડામાં ખાબકી જાય તેનો કોઈ ભરોસો નથી. તંત્ર દ્વારા કોઈ સુરક્ષા બેરિકેડ, ચેતવણી બોર્ડ કે લાઈટની વ્યવસ્થા પણ કરવામાં આવી નથી, જે બેદરકારીને વધુ સ્પષ્ટ કરે છે.

સ્થાનિકોમાં આ મુદ્દે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. રહીશોએ આક્ષેપ કર્યો છે કે પાલિકા તંત્ર માત્ર કામની શરૂઆત કરીને પોતાની ફરજ પૂર્ણ માને છે, પરંતુ અંતિમ પરિણામ વિશે કોઈ જવાબદારી લેતું નથી. "આ ખાડો માત્ર રસ્તામાં નથી, પણ તંત્રની નિષ્ફળતાનો જીવતો પુરાવો છે," એમ એક સ્થાનિક રહીશે કડક શબ્દોમાં જણાવ્યું હતુ.

સ્થાનિકોએ તાત્કાલિક ખાડો પુરાવી પાણીની લાઈનનું સમારકામ પૂર્ણ કરવાની માંગ સાથે ચેતવણી આપી છે કે જો તંત્ર સમયસર કાર્યવાહી નહીં કરે, તો તેઓ રસ્તા પર ઉતરી ઉગ્ર વિરોધ કરશે. પ્રશ્ન એક જ છે શું કોઈ નિર્દોષનો જીવ જશે પછી જ તંત્ર હરકતમાં આવશે?

# 'ચૂંટણીનો જંગ શરુ!' નવસારીમાં ઉમેદવારી માટે ધમધમાટ

**નવસારી** મનપામાં પ્રથમ જ દિવસે વોર્ડ નં. 1 થી 13 માટે 38 ઉમેદવારી ફોર્મનું વિતરણ થયું

નવસારી: નવસારી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ હવે તાપે ચઢી ગયો છે. ઉમેદવારીપત્રોની પ્રક્રિયા શરૂ થતાં જ રાજકીય ગલીઓમાં ગરમાવો છવાઈ ગયો છે અને દાવેદારો વચ્ચે ટિકિટ માટે જોરદાર દોડધામ જોવા મળી રહી છે.

નવસારી જિલ્લા પંચાયત, 6 તાલુકા પંચાયતો, નવસારી મહાનગરપાલિકા અને ગણદેવી પાલિકાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષોમાં હલચલ છે. ભાજપ, કોંગ્રેસ અને આપ સહિતના પક્ષોમાં ટિકિટ માટે આંતરિક ગોઠવણો અને દાવેદારોની લાઇન લાગી ગઈ છે.

ખાસ નોંધનીય છે કે નવસારી મહાનગરપાલિકામાં પ્રથમ જ દિવસે વોર્ડ નં. 1 થી 13 માટે કુલ 38 ઉમેદવારી ફોર્મનું વિતરણ થયું છે. આ આંકડો બતાવે છે કે ચૂંટણીનો જંગ હવે પૂરેપૂરો જામ્યો છે અને મેદાનમાં ઉતરવા આતુર ચહેરાઓની કોઈ કમી નથી. આગામી દિવસોમાં ટિકિટ ફાળવણી, બળવો અને રાજકીય ગોટાળો વધુ તેજ બનશે તે નિશ્ચિત છે. હવે નજર છે–કોણ મેદાનમાં ઉતરે છે અને કોણ છેલ્લે સુધી ટકી શકે છે!

# વાપી મનપાની ચૂંટણી માટે પહેલા દિવસે 147 ઉમેદવારીપત્રો ઉપડ્યાં

**કોંગ્રસે** 110 ફોર્મ મેળવ્યા, જ્યારે આપ 20 અને 17 અપક્ષ ફોર્મ લઈ ગયા

વાપી : વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણીમાં ઉમેદવારીના પહેલા દિવસે ફોર્મ ભરાયું ન હતું. જોકે પહેલા જ દિવસે 147 ઉમેદવારીપત્રો ઉપડ્યાં હતા. મનપાની ચૂંટણી માટે કોંગ્રેસ તરફથી 110, આપ પાર્ટીએ 20 અને 17 ઉમેદવારીપત્રો અપક્ષ ઉમેદવારો લઇ ગયા હતા. જોકે ભાજપ તરફથી સોમવારે ઉમેદવારીપત્રો લેવા માટે કોઈ ગયું ન હતું.

વાપી મનપાની ચૂંટણી માટે ત્રણ પ્રાંત અધિકારી પારડીના પ્રાંત અધિકારી નિરવ પટેલ, ધરમપુરના પ્રાંત અધિકારી આર.સી.પટેલ, વલસાડના પ્રાંત અધિકારી વિમલ પટેલને ચૂંટણીના એઆરઓ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. સોમવારે કોઈ ઉમેદવારે ફોર્મ ભર્યુ નથી. હવે આગામી પાંચ દિવસમાં ફોર્મ મેળવીને ભરવાના રહેશે. ભાજપનો સોમવારે સ્થાપના દિવસ હોવાથી તેના કાર્યક્રમોને લઈને ભાજપ તરફથી કોઈ ઉમેદવારીપત્રો લેવા ગયું ન હતું. હજી ઉમેદવારોને લઈને ચાલતી ગડમથલ વચ્ચે કોણ ટિકીટ મેળવે છે તેની ચિંતા બધા દાવેદારોને છે. બીજી તરફ કોંગ્રેસ તરફથી ૧૧૦ ફોર્મ પહેલા જ દિવસે મેળવી લઈ આવતી કાલે મંગળવારે મહાપાલિકાની ચૂંટણી માટે કોંગ્રેસ તેનો સંકલ્પ પત્ર (મેનિફેસ્ટો) પ્રસિદ્ધ કરવાની છે. આમ ભાજપ-કોંગ્રેસ સાથે આ ચૂંટણીમાં આપ તેમજ અપક્ષ પણ ફોર્મ ભરે તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે. આ ચૂંટણીમાં સારા ઉમેદવારો દરેક પાર્ટીમાંથી ઊભા રહે તો ચૂંટણી રસપ્રદ બનશે. હેવ પાંચ દિવસમાં બધું સ્પષ્ટ થઈ જશે. ૧૧ મી એપ્રિલ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે.


**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ**
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ**

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૪૯૭૮૪૫૬૯ | હોમ લોન | ૧. રાહુલ કુમાર ૨. મુન્ના કુમાર | ૨૦.૦૩.૨૦૨૬ | રૂ.૧૦,૩૦,૭૨૧,૨૯/– |

**મિલકત સરનામુ :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે મહેક રેસીડેન્સી –૨ તરીકે ઓળખાતો પ્લોટ નં. ૫૨૨ માપ ૪૮.૦૬ ચો.વાર એટલે ૪૦.૧૮ ચો.મી, વણવહેચાયેલ હિસ્સા સહિત માપ ૨૫.૭૬ ચો.મી જમીન સોસાયટી રોડ અને સી.ઓ.પી કુલ માપ ૬૫.૯૪ ચો.મી બિનખેતી જમીન બ્લોક નં. ૨૮૫, ૭/૧૨ મુજબ માપ હેર ૫ –૩૫–૨૦ ચો.મી એટલે ૫૩૫૨૦ ચો.મી મોજે ગામ. સીવણ, સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા : ઓલપાડ, જી.સુરત, ગુજરાત –૩૯૪૧૩૦ ખાતે આવેલ છે. **:ઉત્તર તરફ :** જોડેનો પ્લોટ નં. ૫૧૧, **દક્ષિણ તરફ :** જોડે નો સોસાયટી નો આતંરીક રોડ, **પૂર્વ તરફ :** જોડેનો પ્લોટ નં. ૫૨૩ **પશ્ચિમ તરફ :** જોડેનો પ્લોટ નં. ૫૨૧ આવેલ છે.

આથી તમને **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
તારીખ : ૦૭.૦૪.૨૦૨૬
સ્થળ : સુરત,ગુજરાત
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ**
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ–૪ (રૂલ ૮[૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૨૭/૧૨/૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. જીતેન્દ્ર કુમાર કાંતી લાલ, ૨. હર્ષા દેવી જીતેન્દ્ર કુમાર,** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૫૨,૯૭૬.૬૫/– (અંકે રૂપિયા તેર લાખ બાવન હજાર નવસો છોતેર અને પાંસઠ પૈસા પુરા) તા.૧૧.૧૨.૨૦૨૫ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૦૪થી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૧૩,૫૨,૯૭૬.૬૫/– (અંકે રૂપિયા તેર લાખ બાવન હજાર નવસો છોતેર અને પાંસઠ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'બ્લોસમ પાર્ક' તરીકે જાણીતો પ્રોજેક્ટ ના 'તુલીપ બિલ્ડીંગ', 'બી–ટાઈપની બિલ્ડીંગ', 'વિંગ–બી', ૧લા માળ (મંજુર યોજના મુજબ ઉચ્ચ ગ્રાઉન્ડ ફ્લોર પર નો ) ફ્લેટ નં. ૧૦૮ માપ ૫૩૫ ચો.ફુટ એટલે કે ૪૯.૭૦ ચો.મીટર, બિલ્ટઅપ એરીયા માપ ૪૮૬.૯૩ ચો.ફુટ એટલે ૪૫.૨૪ ચો.મી કારપેટ એરીયા ૨૨.૧૦ ચો.મી ભોયતળીયા ની જમીન ના પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત ,જેનું બાંધકામ બિનખેતી જમીન ઉપર થયેલ રેવન્યુ સર્વે નં. ૧૧૧/૧, પછી વિકસાવવામાં આવેલ ૭/૧૨ મુજબ બ્લોક નં. ૯૮ અને રેવન્યુ સર્વે નં. ૧૧૧/૨, પછી વિકસાવવામાં આવેલ ૭/૧૨ મુજબ બ્લોક નં. ૯૯ મોજે ગામ. કડોદરા, સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા પલસાણા, જી. સુરત, રાજય : ગુજરાત, ગુજરાત– ૩૯૪૩૨૭ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** જોડેનો બ્લોક નં. ૮૪, **પશ્ચિમ તરફ :** જોડેનો રોડ, **ઉત્તર તરફ :** જોડેનો બ્લોક નં. ૧૦૦ અને ૧૦૧, **દક્ષિણ તરફ :** જોડેનો રોડ આવેલ છે.

**તારીખ : ૦૪/૦૪/૨૦૨૬**
**સ્થળ : ગુજરાત**
**લોન ખાતા નં.: ૬૮૯૨૩૦૪૪ અને ૬૮૯૧૮૯૦૪**
**સહિ/–**
**અધિકૃત અધિકારી**
**આઇડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ**
**(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)**



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ**
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ**

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૬૦૪૧૨૯૮૭ અને ૬૩૮૦૨૧૮૪ | હોમ લોન | ૧. અશોક પ્રજાપતિ ૨. લક્ષ્મણ પ્રજાપતિ ૩. પારસ દેવી | ૧૮.૦૨.૨૦૨૬ | રૂા.૧૨,૬૮,૪૭૦.૬૩/– |

તમામ ભાગ અને હિસ્સો ધરાવતો વિજયા લક્ષ્મી રેસીડન્સી બિલ્ડીંગ એ નો બીજા માળ નો ફ્લેટ નં. એ/૨૦૩ માપ ૪૩.૮૫ ચો.મી. (બિલ્ટઅપ એરીયા) અને ૩૯.૬૧ ચો.મી (કારપેટ એરીયા) વણવહેચેલા હિસ્સા સહિત ની જમીન રેવન્યુ સર્વે નં. ૨૨૦/૨/એ, (જુનો રેવન્યુ સર્વે નં.૨૯૧) ટીપી સ્કીમ નં.૫૪ (ભેસ્તાન) ફાઈનલ પ્લોટ નં. ૫૦ મોજે ભેસ્તાન ,સુરત શહેર, જી.સુરત ગુજરાત–૩૯૪૨૧૦ જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** માર્જીન ની જગ્યા, **પશ્ચિમ તરફ :** બિલ્ડીંગ પેસેજ, **ઉત્તર તરફ :** ફ્લેટ નં. એ/૨૦૨, **દક્ષિણ તરફ :** ફ્લેટ નં. એ/૨૦૬ આવેલ છે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૨. | ૪૫૩૪૮૫૮૦ અને ૫૧૬૭૨૫૩૦ | હોમ લોન | ૧. દિપેશ્વર ચોરસીયા ૨. પુષ્પા દેવી ચોરસીયા | ૧૪.૦૩.૨૦૨૬ | રૂા.૧૦,૦૧,૩૭૯.૪૦/– |

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'શ્રી વલ્લભ રેસીડન્સી' ના પ્લોટ નં. ૨૦૯ ની જગ્યા માપ ૪૮.૦૦ ચો.વાર એટલે કે ૪૦.૧૯ ચો.મીટર, ૨૪.૫૯ ચો.મીટર ના રોડ અને સીઓપી ના પ્રમાણ સર વણ વહેચાયેલ હિસ્સા સહિત નું બાંધકામ જમીન રેવન્યુ સર્વે નં.૧૪૬/૨, ૧૪૯,જુનો બ્લોક નં. ૧૭૦ રી સર્વે પછી નવો બ્લોક નં. ૧૮૪ મોજે હલધરૂ સબ ડિસ્ટ્રીક અને તાલુકા કામરેજ, જી સુરત, ગુજરાત રાજય–૩૯૪૩૧૦ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** જોડે નો પ્લોટ નં. ૨૭૯, **પશ્ચિમ તરફ :** જોડે નો સોસાયટી નો આંતરીક રસ્તો, **ઉત્તર તરફ :** જોડે નો પ્લોટ નં. ૨૯૧, **દક્ષિણ તરફ :** જોડે નો પ્લોટ નં. ૨૮૯ આવેલ છે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૩. | ૧૪૪૧૧૮૬૫૫ | હોમ લોન | ૧. મહેન્દ્ર યાદવ ૨. ચાંદની મહેન્દ્ર યાદવ | ૨૧.૦૨.૨૦૨૬ | રૂા.૧૧,૪૬,૬૩૯.૭૦/– |

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે માનવ્ય રેસીડન્સી નો મજુંર થયેલ પ્લાન મુજબ એ ટાઈપ બિલ્ડીંગ નો પહેલા માળ નો ફ્લેટ નં. એ/૬ અને બુકીંગ મુજબ એ/૧૦–૧૦૮,માપ ૩૮૪.૦૬ ચો.ફુટ એટલે કે ૩૫.૬૮ ચો.મી. (બિલ્ટઅપ એરીયા) અને ૩૫૪.૧૩ ચો.ફૂટ એટલે કે ૩૨.૦૯ ચો.મી. (કારપેટ એરીયા) મિલકત ના ૧૪.૭૭ ચો.મી. ના જમીન ના વણ વહેચાયેલા હિસ્સા સહિત બિન ખેતી જમીન બ્લોક નં. ૧૪૨, તેનો જમીન નો એકત્રી કરણ પછી નો નં. ૧૪૨/૨ મોજે ગામ કડોદરા, સબડિસ્ટ્રીક્ટ અને તાલુકા પલસાણા જીલ્લા સુરત, ગુજરાત–૩૯૪૩૨૭ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** જોડે નો દાદર, **પશ્ચિમ તરફ :** જોડે નો ફ્લેટ નં. એ/૧–૧૦૭, **ઉત્તર તરફ :** જોડે નો રોડ, **દક્ષિણ તરફ :** જોડે નો પેસેજ આવેલ છે.

આથી તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
તારીખ : ૦૭.૦૪.૨૦૨૫
સ્થળ : સુરત, ગુજરાત.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)